કેસ રજુ તારીખ : ૧૨/૦૫/૨૦૧૦

કેસ દાખલ તારીખ : ૧૨/૦૫/૨૦૧૦

કેસ ફેસલ તારીખ : ૩૦/૦૪/૨૦૧૯

| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | | | |

---

## મે.એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૫ માં, મુ. અમદાવાદ.

---

**ક્રિમી.કેસ નં.૫૧૬/૧૦**

**આંક :–**

**ફરીયાદી : સ્ટેટ ઓફ ગુજરાત**

**વિ.**

**આરોપીઓ : અનિલભાઈ ગોવિંદભાઈ ભરવાડ, ઉ.વ.૧૯**
**રહેવાસી:૧૨૫, જશોદાનગર, પ્રકાશ સોસાયટીની સામે,**
**વીઠલનગર, જશોદાનગર અમદાવાદ.**

---

**સરકાર પક્ષે વિ. એ.પી.પી. શ્રી એ.બી.ધાસુરા**
**આરોપીઓ પક્ષે વિ. વ. શ્રી કે.આર.પરમાર**

---

**ગુન્હો : ઈ.પી.કો.કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૩૩૨ મુજબ.**

**–: જજમેન્ટ :–**

**(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ ગઈ તા.૦૯/૦૪/૧૦ ના કલાક ૧૧:૪૦ વાગે ઈદગાહ સર્કલ આગળ જાહેર રોડ ઉપર પોતાના કબજાની લોડીંગ રીક્ષા ચલાવી લાવી આ કામના ફરીયાદી શ્રી તથા સાહેદ એલ.આર.ડી. ભાવિનભાઈ કાંન્તીલાલનાઓએ આ ચાલકનું ડ્રા.લાયસન્સ માંગતા જે બતાવતા જે લોડીંગ રીક્ષા ચાલક ન હોય જેથી ફરીયાદીએ જણાવેલ કે, રીક્ષા જમા થશે તેમ કહેતા આરોપીએ જણાવેલ કે, લાયસન્સ છે તો કેવી રીતે જમા લેશો તેમ કહી ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને બિભત્સ ગાળો બોલી સાહેદે ગાળો બોલવાની ના પાડતા ઉશ્કેરાઈ જઈ ધકકો મારી પાડી દઈ ગડદાપાટુનો માર મારી સરકારી ડ્રેસ ફાડી નાંખી સરકારી ડયુટી પર ફરજ દરમ્યાન હુમલો કરી ગુનો કર્યા અંગેની ફરીયાદ ફરીયાદીએ મણિનગર પોલીસસ્ટેશનમાં નોંધાવતા તેના આધારે ત. ક. અમલદારે ફ.**

**ગુ.ર.નં.૯૫/૧૦ થી ફરીયાદ નોંધી તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા ઈ.પી.કો.કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૩૩૨ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં કરેલ છે.**

**(૨) આ કામના આરોપીઓને સમન્સની કાયદેસરની બજવણી થઈ જતા તેમના વિ. વકીલશ્રી મારફત હાજર થયેલ છે. ક્રિ. પ્રો. કોડની કલમ– ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલ આરોપીઓને મળી ગયા અંગેની ખાત્રી આંક– ૧ લગત કરેલ છે. આંક–૨ થી તહોમતનામું આરોપીઓની આંક– ૩થી પ્લી રેકર્ડ કરતા તેમણે ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.**

**(૩) ફરિયાદપક્ષ તર્ફે નીચે મુજબના પુરાવા રજુ છે.**

**<u>(અ) મૌખિક પુરાવો :</u>**

| ક્રમ. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૫ | ફરીયાદી વિધાદેવી લીલારામ રોહિતાની જુબાની. |
| ૨ | ૧૭ | સાહેદ સુનીલભાઈ સુરેશભાઈ અડવાણીની જુબાની. |
| ૩ | ૧૮ | જગદીશભાઈ છોટાલાલ શર્માની જુબાની. |
| ૪ | ૨૦ | સાહેદ પુનમભાઈ બાલાભાઈની જુબાની. |
| ૫ | ૨૧ | સાહેદ ભાવિન કુમાર કાંન્તીલાલની જુબાની. |
| ૬ | ૨૨ | ડો.લક્ષ્મણભાઈ કાળુભાઈની જુબાની. |

**(બ) <u>દસ્તાવેજી પુરાવા :</u>**

| ક્રમ. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૬ | ફરીયાદ |
| ૨ | ૨૩ | મેડીકલ સર્ટી |

**(૪) ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ પુરાવાના આધારે આરોપીઓ નું ક્રિ.પ્રો.કોડ કલમ– ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધતા આરોપીએ તમામ પુરાવો પોતાની હાજરીમાં અને પોતાના સાંભળતા લેવામાં આવેલ છે તે બાબત કબુલ રાખેલ છે. તેમજ વિશેષમાં જણાવેલ છે કે, અમો આરોપીએ કોઈ ગુનો કરેલ નથી. ફરીયાદીએ ખોટી ફરીયાદ કરેલ છે તેઓ તદ્દન નિર્દોષ છે.**

**(૫) ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.**

(૬) સદર ફરીયાદના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**–: મુદ્દાઓ :–**

(૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપી ઓએ ચાર્જશીટ મુજબ ઈ.પી.કો.કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૩૩૨ મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ

(૭) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**–: કા ર ણો :–**

(૮) ઉભયપક્ષની દલીલ સાંભળી રેકર્ડ વંચાણે લીધું. આરોપી સામે ઈ.પી.કો. કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૩૩૨ મુજબના ગુનાના આક્ષેપો છે.

:– ફરીયાદ પક્ષે આરોપી વિરૂધ્ધ ગુનો સાબિત કરવા માટે નીચે મુજબનો પુરાવો આપેલ છે.

(૯) ફરીયાદપક્ષે આંક–૧૫ થી સાહેદ વિધાદેવી લીલારામ પોતાની સોંગદ ઉપરની જુબાની દરમ્યાન સરતપાસમાં જણાવે છે કે, ૨૦૧૦માં ટ્રાફીક શાખામાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતી હતી. બનાવ તા.૦૯/૦૪/૨૦૧૦નાં રોજ બનેલો તે દિવસે તેઓ સવારે ૮–૦૦ થી ૧૪–૦૦ સુધી ઈદગાહ સક લ પાસે ટ્રાફીક શાખામાં નોકરી હતી તે સમયે તેમની સાથે એલ.આર.ડી. કોન્સટેબલ ભાવિનભાઈહતા તે સમયે લોડીંગ રીક્ષા નં.૧ .૨.૭૫૨૯ નીકળેલ જેને તેઓએ રોકતા તેની પાસે લાયસન્સ ન હતું તેઓએ ઝેરોક્ષ લાયસન્સ આપેલ તેથી તેણે જણાવેલ કે, ઝેરોક્ષ લાયસન્સ નથી ચાલતું, અસલ લાયસન્સ બતાવો તે રીક્ષાનાં ચાલક અનિલભાઈ ગોવિંદભાઈ ભરવાડ હતો તેઓ ઉશકેરાઈને ગાડા ગાડી કરવા લાગેલો અને તેની સાથેનાં ભાવિનભાઈનાં ડાબા સોલ્ડર પકડી માર મારેલ અને સોલ્ડર તોડી ફાડેલ. આરોપીએ ગાળાગાળી અને માર મારી તેઓની ફરજમાં અડચણ ઉભી કરેલી અને તેમણે મણીનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. તેમને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં તેમની સહી છે જે ઓળખી બતાવે છે. જે રજુ દાખલ આંક–૧૬ છે. આરોપી અનિલભાઈ ગોવિંદભાઈ કોટ માં હાજર છે તે જ છે. સદર ફરીયાદીની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા તેઓ બનાવ સમયે તેઓને ૩૫ વર્ષ નોકરીના થયેલ તેઓએ ફરીયાદ આપી

ત્યારે પી.એસ.આઈ શ્રી હાજર હતા. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, ઈજા પામનારે આ ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, બનાવવાળી જગ્યાએ ભરચક ટ્રાફીક વાળી જગ્યા છે. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, તેઓની ફરજ દરમ્યાન સીગનલ તોડે, ઓવરટેક કેરે કે, પકડાઈ જાયતો મેમો આપવાની સતા છે. એ વાત ખરી ન હોવાનું જણાવે છે કે, કાગગીરી કરવા ટાગેટ આપવામાં આવતો હોય છે. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, બનાવ સમયે ત્યા ઘણા બધા લોકો ભેગા થઈ ગયેલ. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, ઘણા બધા માણસો ભેગા થઈ ગયા અને ભાવિનભાઈ વચ્ચે હતા.એ વાત ખરી ન હોવાનું જણાવે છે કે, આ ટોળામાં કોઈનો ધકકો વાગવાથી ભાવીનભાઈ પડી ગયેલ અને તેમને ઈજા થયેલ એ વાત ખરી ન હોવાનું જણાવે છે કે, આવો કોઈ બનાવ બનેલ નથી. એ વાત ખરી ન હોવાનું જણાવે છે કે, આરોપીએ લાઈસન્સ વગર ગાડી ચલાવી ચલાવેલ ન હોવા છતા ખોટી ફરીયાદ કરેલ છે.

(૧૦) ફરીયાદપક્ષે આંક–૧૭ સુનીલભાઈ સુરેશભાઈ અડવાણીનાઓ પોતાની સોંગદ ઉપરની જુબાનીમાં તેઓ જણાવે છે કે, ૨૦૧૦માં તેઓ કાંકરીયા ફુડની લારી ચલાવતા હતા બનાવ શુ બનેલ તેથી તેઓને ખબર નથી. અનિલભાઈ ગોવિંદનભાઈને તેઓ ઓળખતા નથી. પોલીસે બનાવ સબંધની તેઓની પુછપરછ કરેલ નહી.આમ, ફરીયાદીએ ફરીયાદ હકીકતને સમર્થન કરેલ ન હોય તેઓ ને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી ઉ.ત. કરવામાં આવતા તેઓ ફરીયાદ મુજબની હકીકતને સમર્થન કરતા નથી. ત્યારબાદ સદર ફરીયાદીની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉ.ત. કરવામાં આવતા તેઓ

(૧૧) ફરીયાદપક્ષે આંક–૧૮ થી જગદીશ છોટાલાલ શર્માનાઓ પોતાની સોંગદ ઉપરની જુબાનીમાં તેઓ જણાવે છે કે, તેઓ આંક–૧૯ ના પંચનામાના પંચ છે તેમાં પંચ –૧ તરીકે તેઓની સહી છે જે તે ઓળખી બતાવે છે.આમ, ફરીયાદીએ ફરીયાદ હકીકતને સમર્થન કરેલ ન હોય તેઓ ને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી ઉ.ત. કરવામાં આવતા તેઓ ફરીયાદ મુજબની હકીકતને સમર્થન કરતા નથી. ત્યારબાદ સદર ફરીયાદીની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉ.ત. કરવામાં આવેલ નથી.

(૧૨) ફરીયાદપક્ષે આંક–૨૦ થી સાહેદ પુનમભાઈ વાલાભાઈ પોતાની સોંગદ ઉપરની જુબાની દરમ્યાન સરતપાસમાં જણાવે છે કે, તા.૦૯/૦૪/૨૦૧૦નાં રોજ તેઓની નોકરી સવાર કલાકઃ૮–૦૦ થી ૧૨–૦૦ ઈન્વે. સ્કોડ મણીનગર પોલીસ સ્ટેશન નોકરી પર હતા તે દરમ્યાન ૧૧ –૩૦ થી ૧૧–૪૫ ની આસપાસ ટ્રાફીકનાં માણસો પોલીસ સ્ટેશન આવેલ અને અંદરો અંદર મારા મારી થયેલ છે. તેની વાતો કરતા હતાં ત્યારબાદ પી.એસ.ઓ.એ ટ્રાફીકનાં માણસોને જણાવેલ કે તમો ઈન્વે. સ્કોડમાં જઈ ફરીયાદ લખાવો જેથી ટ્રાફીકનાં માણસો વુમન કોન્સટેબલ વિધ્યાદેવી લીલારામ નોકરી. ટ્રાફીકશાખા ગૃપ–૩ર તેમજ તેમની સાથેનાં માણસો આવેલ જેથી તેમણે તેઓની ફરીયાદી લીધેલી. તેઓએ જણાવેલ કે, મારો પોઈન્ટ ઈદગાહ દરગાહ પુષ્પકુંજ

સક લ પાસે હતો તે વખતે સાંજ લોડીંગ રીક્ષાવાળા અનિલભાઈ ગોવિંદભાઈ ભરવાડનો ટેમ્પો રોકી તેઓનું લાયસન્સ માંગેલ અને લાયસન્સ અનિલભાઈએ બતાવેલ પરંતુ લાયસન્સ એ બાબતનું ન હોઈ જેથી તેઓનાં ટેમ્પો જમા લેવાનું કહેતા તેમજ લાયસન્સ પણ જમાં લેવાનું કહેતા અનિલભાઈ ઉશકેરાઈ જઈ જેમ–તેમ ગાળો બોલતા હતા તેમજ એલ.આર.ડી. ભાવિનભાઈ તથા ફરીયાદી વિધ્યાદેવીને ગાળો આપેલ તેમજ ફરીયાદી સાથે તેમજ ભાવિનભાઈ સાથે જપાજપી ગળદાપાટુનો માર મારેલ તેવું લખાવેલ જેથી તેણે તેમની ફરીયાદ લખાવ્યા પ્રમાણે લખી ફરીયાદીની સહી લઈ પી.એસ.ઓ.ને ગુનો દાખલ થવા માટે પી.એસ.ઓ. તરફ મોકલી આપેલ. ત્યારબાદ તેઓની સાથે ફરીયાદી તેમજ ટ્રાફીકનાં માણસો સાથે તેઓ ગુનાવાળી જગ્યા બતાવતો હોઈ જેથી તેઓ ઈદગાહ સક લ, પુષ્પકુંજ પાસે ગયેલા અને વિધ્યાદેવીએ ગુનાવાળી જગ્યા બતાવેલ તે દરમ્યાન પંચોનાં બે માણસો બોલાવી ફરીયાદથી વાકેફ કરી ત્યારબાદ તેઓએ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ જેમાં પંચ–૧ જગદીશભાઈ છોટાભાઈ, પંચ–ર ફિરોઝભાઈ ઈસ્માઈલભાઈનાંઓની પંચોની સહીઓ લઈ તથા આજુબાજુનાં નિવેદનો લીધેલા ત્યારબાદ તેઓ પોલીસ સ્ટેશન આવેલા. તા.૦૯/૦૪/ર૦૧૦નાં રોજ એલ.આર.ડી. ભાવિનભાઈ શાંતિલાલનાંઓને ગડદાપાટુનો માર મારેલ હોય જેથી તેઓની દવાખાને જવું હોઈ જેથી રીપોટ સાથે તેઓને દવાખાને મોકલેલ ત્યારબાદ ટ્રાફીકનાં પી.એસ.આઈ. સુનીલભાઈ સુરેશભાઈ તેઓનાં ઈન્ચાજ હોઈ તેઓનું નિવેદન લીધેલા. ફરીયાદીએ પણ નિવેદન લખાવેલ. ત્યારબાદ સાહેદ યુનુસભાઈ સ./ઓ. ઉમરભાઈ ઉફ ે બાબુભાઈનાંઓનું ફરીયાદીને મળતું નિવેદન લીધેલ જે ગુનાનાં કામે સામેલ રાખેલા. ત્યારબાદ તા.૦૯/૦૪/ર૦૧૦નાં રોજ અલ્પેશભાઈ રશ્મીકાંતનાંઓનું નિવેદન લીધેલા જે પણ તપાસનાં કામે સામેલ રાખેલ. ત્યારબાદ તા.૦૯/૦૪/૧૦નાં રોજ આરોપી નામે અનીલભાઈ ગોવિંદભાઈ ભરવાડ ઉ.વ.૧૯, રહે.જશોદાનગરનાંઓને ચહેરા નિશાનપત્રક ભરી તેઓની અટક કરેલ તેઓની લોડીંગ રીક્ષા જેનો નંબર જી.જે.૧.એ.ઝેડઢ૭પર૯ ની હતી. ત્યારબાદ સાહેદ રમણભાઈ મુલચંદ ઉ.વ.ર૫ રહે.ખોડીયાર પાક સોસાયટી, ઈસનપુરનાંઓનું પણ નિવેદન લીધેલ ત્યારબાદ કેસની તપાસ તેમની પાસે હોઈ અને ભાવિનભાઈ એલ.આર.ડી., એલ.જી.ની હોસ્પિટલનાં ડોકટરશ્રી પ્રધુમન સાહેનું સટી આવતા જરૂરી પુરાવા મળતાં તેઓએ આ કેસનું ચાજ સીટ કરી નામદાર કોટ માં મોકલી આપેલ. આરોપીને ઓળખે છે. તે કોટ માં હાજર છે.ત્યારબાદ સદર ફરીયાદીની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉ.ત. કરવામાં આવતા તેઓ એ વાત ખરી હોવાનું જણાવે છે કે,ફરીયાદી તથા ઈજાપામનાર ભાવિનભાઈ બનાવ સમયે પોતાની ફરજ પર હતા. તે અંગેનો કોઈ પુરાવો તેઓની તપાસમાં રજુ થયેલ નહી. પંચોની હાજરીમાં કોઈ પંચનામું કરાવેલ નહી. એ વાત ખરી ન હોવાનું જણાવે છે કે,પંચોની હાજરીમાં કોઈ પંચનામું કરેલ નથી. તેમજ તૈયાર પંચનામામાં પંચોની સહી કરાવેલ છે. એ વાત ખરી ન હોવાનું જણાવે છે કે,

તમામ સાહેદોના નિવેદનો ફરીયાદને અનુરૂપ લખી લીધેલ.એ વાત ખરી હોવાનું જણાવે છે કે, બનાવ અંગે કોઈ જાત માહિતી નથી. એ વાત ખરી ન હોવાનું જણાવે છે કે, પોલીસ ફરીયાદી હોય તેથી આ કેસની ખોટી તપાસ કરી ચાર્જશીટ કરેલ છે.

(૧૩) ફરીયાદપક્ષે આંક–૨૧ થી સાહેદ ભાવિનકુમાર કાંતિલાલ પોતાની સોંગદ ઉપરની જુબાની દરમ્યાન સરતપાસમાં જણાવે છે કે, ૨૦૧૦માં તે મણીનગર ગૃપ– ૩૨ ટ્રાફીક શાખામાં ફરજ બજાવતો હતો. તેમની ભરતી ૨૦૦૯–૧૦ માં થયેલી છે. તા.૦૯/૦૪/૧૦નાં રોજ તેમનો પોઈન્ટ ઈદગાહ સક લ પાસે મણીનગરમાં આપવામાં આવેલ હતો. તે વખતે તેમની સાથે આ પોઈન્ટ ઉપર બીજા એક એ.એસ.આઈ. વિધ્યાદેવી રોહીલા પણ ફરજ ઉપર હાજર હતા. બનાવ સમયે તેમને ફરજ ઉપર હતા ત્યારે આરોપી પોતાની લોડીંગરીક્ષા જેનો રજીસ્ટર નંબર જી.જે.૧.એઝેડ. ૪૫૨૯ જેવો નંબર હતો જે હાલ ઘણો સમય થયેલ હોઈ ચૌકકસ તેમને યાદ નથી. આ ભાઈ ત્યાં લોડીંગ રીક્ષા લઈને ભૈરવનાથ ચાર રસ્તાથી ઈદગાહ તરફ આવતા હતા તે સમયે તેમણે અને તેમની સાથે હાજર વિધ્યાબેને તેમને રોકેલા તે સમયે તેઓની સાથે નાં વિધ્વાદેવીએ આરોપી પાસે ડ્રાઈવીંગ લાયસન્સ માંગેલો. આરોપી ઉશકેરાઈને તેઓને ગાળા આપવા લાગેલા આથી તેમણે આરોપીને જણાવેલ કે તું ગાળો ના બોલ, વિધ્યાબેનએ લેડીઝ છે અને તે અધિકારી છે. અને તેમને ડ્રાઈવીંગ લાયસન્સ માંગવાની સત્તા છે. આથી આ આરોપી ઉશકેરાઈ ગયેલા અને તેમનો કોલર પકડ વધી નાં શોલ્ડર તોડી નાંખી હુંક તોડી નાખેંલ અને તેમને માર મારેલ. આ બનાવ વખતે આજુબાજુનાં માણસોએ આવી તેમને છોડાવેલ અને ત્યારબાદ તેમને ઈજા થયેલ હોય એલ.જી.હોસ્પિટલ લઈ ગયેલ. આ ઈજામાં તેમને હાથનાં કાંડા ઉપર ઈજા થયેલ અને તેમનાં બંને ગાલ ઉપર આરોપીએ લાફા મારેલ. આ માર મારવાથી તેમને બંને ગાલ ઉપર પીડા થયેલી તેમજ હાથમાં પણ દુઃખાવો થયેલ. આ બનાવની ફરીયાદી વિધ્યાબેને આપેલી. તપાસ કરનાર અમલદારે તેમનો જવાબ લીધેલ. તેમને જેણે માર મારેલો તેને તે જોયેથી ઓળખે છે. જેને સાહેદ કોટ રૂમમાં ઓળખી બતાવે છે. ત્યારબાદ સદર ફરીયાદીની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉ.ત. કરવામાં આવતા તેઓ એલ.જી હોસ્પીટલમાં પોલીસ યાદી લઈને ગયેલ. તેઓ એલ.જી.હોસ્પીટલમાં બાર વાગ્યાની આસપાસ પહોંચેલ જયારે કોઈ વાહન ચાલક નીકળે ત્યારે ઉભો રાખી લાયસન્સ માંગવામાં આવે ત્યારે અધીકારી લાયસન્સ માત્ર અદા કરવાની હોય છે. તેઓના અધીકારી તેમની ફરજમાં આવતી જે પણ કાર્યવાહી કરે તે યોગ્ય જ છે. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, " તેઓની સાથેના એ.એસ.આઈ લેડીઝ અધીકારી છે અને તેમને લાયસન્સ માંગવાની સતા છે. જે તે આરોપીએ જણાવેલ" તે તેઓના પોલીસ જવાબમાં લખાવેલ નથી. એ વાત ખરી ન હોવાનું જણાવે છે કે, કોઈ પણ વ્યકિત પાસે લાયસન્સ ન હોય તો તેને માત્ર મકકો આપી શકાય જયારે કોઈ વ્યકિત ગેરકાયદેસર પાર્કિંગ કરે અથવા કોઈ ગુના હોય જેમાં સ્થળ ઉપર માંડવાળ થઈ શકે તેમાં મોકો આપી શકાય તેવુ તેઓનું માનવુ છે. એ વાત ખરી ન હોવાનું

જણાવે છે કે, આરોપીએ તેઓની સાથે ગાળા ગાળી કરેલ કે, માર મારેલ નથી.

(૧૪) ફરીયાદપક્ષે આંક–૨૨ થી સાહેદ ડો.લક્ષ્મણભાઈ કાળુભાઈ પોતાની સોંગદ ઉપરની જુબાની દરમ્યાન સરતપાસમાં જણાવે છે કે, તા.૦૯/૦૪/૨૦૧૦નાં રોજ બપોરનાં ૨:૪૫ કલાકે દદી નામે ભાવિનકુમાર કાન્તીલાલ એલ.જી. હોસ્પિટલ ખાતે ઈમરજન્સી વિભાગમાં સારવાર માટે આવેલ. તેમને ફરજ પરનાં આર.એમ.ઓ. ડો. પ્રધુમન ચૌધરી ધ્વારા તપાસવામાં આવેલ. દદી ની હિસ્ટ્રી મુજબ તેમને તા.૦૯/૪/૧૦નાં રોજ સવારનાં ૧૧:૪૫ કલાકે ઈદગાહ ચાર રસ્તા પાસે સામેની પાટી ધ્વારા માર માર ઈજા પહોંચાડવામાં આવેલ દદી ને તપાસતાં તેઓ ભાનમાં હતા અને તેમને જમણા હાથમાં પંજાનાં ભાગે દુ:ખાવો હતો. દદી ની ઈજા અંગે ડો.પ્રધુમન ચૌધરી ધ્વારા મેડીકલ સટી રજુ કરેલ તેમાં તેમની સહી છે જે તે ઓળખી બતાવે છે. ઉપરોકત દદી ને આઉટડોર પેશન્ટ તરીકે સારવાર આપવામાં આવેલ. સટી રજુ આંક–૨૩ છે. ત્યારબાદ સદર ફરીયાદીની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉ.ત. કરવામાં આવતા તેઓ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, તેઓએ દર્દીની સારવાર કરેલ નથી. એ વાત ખરી છે કે, આ મેડીકલ સર્ટી ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ નથી. ડો.પધૃમન ભાઈ હાલ હોસ્પીટલ છોડી ગયેલ છે. તેઓ અગાઉ સીવીલ હોસ્પીટલ સુરતમાં હતા પણ હાલ કયા છે તે તેઓને યાદ નથી. તેમને આપેલ જુબાની હાલ તેઓને ખબર નથી. તેઓના રેકોર્ડ મુજબ તેઓના હોસ્પીટલના આર.એમ.ઓ. તરીકે આપેલ છે.

(૧૫) ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ સંપૂર્ણ શંકા થી પર પુરવાર કરવો જોઈએ અને જો ફરીયાદપક્ષના પુરાવા પર શંકા ઉત્પન થાય તો તેનો લાભ માત્ર આરોપીપક્ષને મળવા પાત્ર છે. તેવુ કાયદાનું ધોરણ છે.

(૧૬) આ કામના આરોપી સામે ઈ.પી.કો.કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૩૩૨ મુજબના ગુનાના આક્ષેપો છે. આંક–૧૬ થી ફરીયાદીની ફરીયાદ રજુ થયેલ છે. ફરયાદી વિધ્યાદેવી બાલારામ બનાવ સમયે ટ્રાફીક સાખામાં મણિનગર મુકામે એ.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતા. બનાવ તા.૦૯/૦૪/૧૦ ના રોજ બનેલ તે સમયે ફરીયાદી તથા એલ.આર.ડી કોન્સ્ટેબલ ભાવિનકુમાર કાંન્તીલાલ નાઓ સાથે ઈદગા શર્કલ પાસે ફરજ પર સવારે ૮ થી ૨ વાગ્યા સુધી હાજર હતા. તે સમયે ૧૧ વાગ્યાના અરસામાં સાથેના એલ.આર.ડી કોન્સ્ટેબલે એક લોડીંગ રીક્ષા નં.જી.જે.૦૧.એ.ઝેડ.૭૫૨૯ ની રોકી તેનું ફરીયાદીએ નામ પુછતા અનીલભાઈ ગોવિંદભાઈ ભરવાડ, ઉ.વ.૧૯ રહે: જશોદા નગર ના હોવાનું જણાવેલ અને તેની પાસે લોડીંગ રીક્ષાનું લાઈસન્સ માંગતા તેણે પોતાની પાસેનું લાઈસન્સ બતાવેલ જે લાઈસન્સ અસલ ન હોય અને જોતા લોડીંગ રીક્ષા ચલાવનારનું ન હોય. જેથી ફરીયાદીએ તેમને તમારૂ વાહન જમાં થશે તેવુ જણાવતા આ રીક્ષા ચાલકે મારૂ લાઈસન્સ છે તમે કઈ રીતે જમા લોછો તેમ કહી ઉશ્કેરાઈ જઈ અને ગમે તેમ બોલી બિતસ્તસ ગાળો બોલતા સાથે ના એલ.આર.ડી ભાવીનભાઈએ આ ઈસમને ગાળો

બોલવાની ના પાડતા અને શાંતી થી વાત કરવાનું કહેતા તે આ ભાવિનભાઈ પર ગુસ્સે થઈ ધકકો મારેલ અને લાત મારી નીચે પાડી દઈ અને ડ્રેસનો સોલ્ડર પકડી તોડી નાંખેલ અને આજુ બાજુના માણસો આવી જતા ભાવિનભાઈને છોડાવેલ. તે રીતની ફરીયાદ આપવામાં આવેલ છે.

:– આમ, ઉપરોકત ફરીયાદ વંચાણે લેતા ફરીયાદપક્ષે નીચે મુજબની હકીકતો સાબિત કરવી જોઈએ.

૧. ફરીયાદી અને લોક રક્ષક ભાવિનભાઈ કાંન્તીલાલનાઓ બનાવ સમયે ઈદગા મસ્જીદ પાસે ફરજ પર હાજર હતા.

૨. આ કામના આરોપી પોતાના કબજાની લોડીંગ રીક્ષા નં.જી.જે.૦૧.એ.ઝેડ. ૭૫૨૮ લઈ ને બનાવવાળા સ્થળે નીકળેલ.

૩. ફરીયાદી અને સાહેદે આરોપીને રોકેલ અને લાઈસન્સની માંગણી કરેલ.

૪. આરોપી પાસે ઝેરોક્ષ લાઈસન્સ હતુ અને અસલ લાઈસન્સ ન હતું અને આ લાઈસન્સ લોડીંગ રીક્ષા ચાલકનું ન હતું. તેથી આરોપીને તેની ગાડી જપ્ત થશે તેવુ ફરીયાદીએ જણાવેલ. આથી આરોપી ઉશ્કેરાઈ ગયેલ અને ગાળો બોલાગેલ.

૫. આથી ગાળો બોલવાની સાહેદ ભાવિનકુમાર કાંન્તીલાલે ના પાડતા શાંતીથી વાત કરવા જણાવતા આરોપીએ ગુસ્સે થઈ સાહેદ ભાવિનભાઈ ને ધકકો મારેલ અને લાત મારી નીચે પાડી દીધેલ અને ડ્રેસનો સોલ્ડર પકડી તોડી નાંખેલ.

(૧૭) આ કામે સદરુ ફરીયાદ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે આંક–૧૫ થી વિધ્યા દેવિ લીલારામ રોહીલાને તપાસેલ છે. તેઓની જુબાની ધ્યાને લઈએ તો ૨૦૧૦માં ટ્રાફીક સાખામાં એ.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતા. બનાવ તા.૦૯/૧૦/૦૪ ના રોજ બનેલ અને સવાર ૮ થી ૧૪:૦૦ સુધી ઈદગા શર્કલ પાસે નોકરી પર હતા. તેવુ જણાવેલ છે. જે હકીકતને સાહેદ ભાવિનભાઈએ પોતાની આંક–૨૧ થી થયેલ જુબાનીમાં પણ સમર્થન આપેલ છે. પરંતુ ત.ક.અ.શ્રીની જુબાની આ કામે આંક–૨૦ થી પુનમભાઈ બાલાભાઈની નોંધવામાં આવેલ છે અને તેમાં ઉલટતપાસમાં ફરીયાદી તથા ઈજા પામનાર ભાવિનભાઈ બનાવ સમયે પોતાની ફરજ પર હાજર હતા. તે અંગેનો કોઈ પુરાવો મારી તપાસ દરમ્યાન રજુ થયેલ નથી. તેવુ સ્વીકારેલ છે. જયારે કોઈ પણ પોલીસ અધીકારી કોઈ જગ્યાએ ડયુટી સોંપવામાં આવે તો તે ડયુટી સોંપયા અંગેની નોંધ પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવતા રજીસ્ટર મારફતે અને સદર રજીસ્ટરોની નોંધ ત.ક.અ.શ્રીએ આ તપાસના કામે મેળવી રજુ કરવી જોઈતી હતી. તેમ છતા ત.અ.શ્રીએ આવી કોઈ નોંધ મેળવી અને રજુ કરેલ નહી. તેથી હાલના ફરીયાદી તથા ઈજા પામનાર બનાવ સમયે બનાવવાળી જગ્યાએ ફરજ પર હાજર હતા તે દર્શાવવા દસ્તાવેજી પુરાવો ઉપલબ્ધ થઈ શકે તેમ હતો અને જે હકીકત દસ્તાવેજી પુરાવા થી સાબિત થઈ શકે. તે હકીકત દસ્તાવેજ થી જ સાબિત કરવી જોઈએ હાલના કિસ્સમાં આવો કોઈ દસ્તાવેજ ત.ક.અ.શ્રીએ મેળવી અને રજુ કરેલ

નથી. વળી આ કામે બનાવની નજરે જોનાર સાહેદ સુનીલભાઈ સુરેશભાઈ અડવાણી નાઓએ પણ ફરીયાદી અને ઈજા પામનાર બનાવ સ્થળે હાજર હતા તે હકીકતને સમર્થન કરેલ નથી. તેથી ફરીયાદી અને ઈજા પામનાર બનાવ સમયે બનાવાળી જગ્યાએ ફરજ બજાવતા હતા. તેવુ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે.

(૧૮) વધુમાં ફરીયાદી વિધ્યા દેવી લીલારામ રોહીલા એ આંક–૧૫ ની જુબાનીમાં જણાવેલ છે કે, તે સમયે લોડીંગ રીક્ષા નં. જી.જે.૦૧.ઝેડ.૭૫૨૯ની નીકળેલ અમોએ રોકેલ તેની પાસે લાઈસન્સ ન હતુ. તેઓએ ઝેરોક્ષ લાઈસન્સ રાખેલ તેથી અમે જણાવેલ કે, ઝેરોક્ષ લાઈસન્સ નથી ચાલતુ અસલ લાઈસન્સ બતાવો આથી આરોપી અનિલભાઈ ગોવિંદભાઈ ભરવાડ ઉશ્કેરાઈ ગયેલ. પરંતુ ફરીયાદીની ફરીયાદમાં જોઈએતો બનાવ સમયે આરોપીની પાસે લાઈસન્સ ફરીયાદીએ માંગેલ અને તેણે પોતાની પાસેનું લાઈસન્સ બતાવેલ પરંતુ અસલ લાઈસન્સ ન હોય અને તે લાઈસન્સ જોતા રીક્ષા ચલાવનારનું પણ આ લાઈસન્સ ન હતું. તેથી તમારી ગાડી જમા થશે તેવુ જણાવતા આરોપીએ જણાવેલ કે, આ મારૂ જ લાઈસન્સ છે. આમ, કોર્ટ રૂબરૂની જુબાનીમાં અસલ લાઈસન્સ ન હતું તેના કારણે આરોપી ઉશ્કેરાઈ ગયેલ તેવુ જણાવેલ જયારે ફરીયાદમાં લાઈસન્સ આરોપીનું ન હતુ તેવુ ફરીયાદીને જણાયેલ અને અસલ ન હતુ તેથી ગાડી જમા થશે તે કારણ સર આરોપી ઉશ્કેરાયેલ તેવી હકીકત જણાવેલ તેથી ફરીયાદીની ફરીયાદ અને ફરીયાદીની જુબાનીમાં વિરોધાભાષ જણાય છે. જયારે આ કામના ઈજા પામનાર ભાવિન કુમાર કાંન્તીલાલને તપાસેલ છે અને તેઓએ પોતાની જુબાનીમાં તેઓએ આરોપી પાસે થી લાઈસન્સની માંગણી કરતા તે ઉશ્કેરાઈ ગયેલ તેવી હકીકત જણાવેલ છે તેથી ફરીયાદીની ફરીયાદ ફરીયાદીની જુબાની અને ઈજા પામનાર ભાવિન ભાઈની જુબાની ધ્યાને લેતા આ બનાવના કારણમાં પણ વિરોધાભાષી હકીકત જણાય છે.

(૧૯) વધુમાં આંક–૧૫ ની જુબાનીમાં ફરીયાદી વિધ્ધયા દેવીએ જણાવેલ છે કે, આથી આરોપી ઉશ્કેરાઈને ગાળા ગાળી કરવા લાગેલ અને મારી સાથેના ભાવિનભાઈના બાબા સોલર પકડી માર મારેલ અને સોલ્ડર તોડી નાંખેલ. પરંતુ ભાવિનભાઈને શરીરના કયા ભાગે માર મારેલ, કયા ભાગે ઈજા થયેલ કે, પીડા થયેલ તે અંગે ફરીયાદી કોઈ હકીકત જણાવતા નથી. તેમજ આરોપીએ શુ ગાળો આપેલ તે અંગે કોઈ હકીકત ફરીયાદી જણાવતા નથી. વળી આંક–૧૬ ની ફરીયાદમાં ફરીયાદી લખાવે છે કે, આથી આરોપી ઉશ્કેરાઈ જઈ મને ગમે તેમ બોલી બિભત્સ ગાળો બોલતા સાહેદ ભાવિનભાઈએ આ ઈસમને ગાળો બોલવાની ના પાડતા અને શાંતી થી વાત કરવાનું કહેતા તે આ ભાવિનભાઈ ઉપર ગુસ્સે થઈ ધકકો મારી અને લાત મારી નીચે પાડી દઈ અને ડ્રેસનો સોલ્ડર પકડી તોડી નાંખેલ તેવી હકીકત જણાવેલ છે. આમ, ફરીયાદમાં પણ આરોપીએ શુ ગાળો આપેલ તે જણાવેલ નથી આમ ઉપરાંત આરોપીએ ધકકો મારી લાત મારી નીચે પાડી દીધેલ ની હકીકત જણાવેલ છે. જયારે ફરીયાદી પોતાની જુબાનીમાં આવી કોઈ હકીકત

જણાવેલ નથી. જયારે આંક–૨૧ થી તપાસેલ ઈજાપામનાર ભાવિનભાઈની જુબાની ધ્યાને લઈએ તો આરોપી ઉશ્કેરઈ ગયેલ વર્ધીનો સોલ્ડર તોડી નાંખી મને માર મારેલ અને આજુ બાજુના માણસો ભેગા થઈ જતા મને છોડાવેલ ત્યાર બાદ મને ઈજા થયેલ હોય તેથી એલ.જી. હોસ્પીટલ લઈ ગયેલ આ ઈજા માં મને હાથના કાંડા ઉપર ઈજા થયેલ અને મારા બંન્ને ગાલ પર આરોપીએ લાફા મારેલ આ માર મારવા થી મને બંન્ને ગાલ પર પીડા થયેલ. તેમજ હાથમાં પણ દુખાવો થયેલ. આમ, ઈજાપામનાર ની જુબાની ધ્યાને લઈએ તો આરોપીએ માર માર્યાની હકીકત જણાવેલ છે પરંતુ શાના વડે માર મારેલ તે જણાવતા નથી અને આગળ જુબાનીમાં મને ગાલ પર ઈજા થયેલ અને લાફા મારેલ તેવું જણાવેલ છે. પરંતુ આવી કોઈ હકીકત આંક–૧૬ ની ફરીયાદમાં નથી કે, ફરીયાદીએ પોતાની જુબાનીમાં જણાવેલ નથી. જો આવી કોઈ હકીકત બની હોય તો ફરીયાદીએ આપેલ ફરીયાદમાં તેનો ઉલ્લેખ જરૂર કર્યો હોય અને ઈજા પામનારને શરીરના કયા ભાગે ઈજા થયેલ છે. તેવી હકીકત પણ ફરીયાદમાં કરેલ હોત. વધુમાં આ કામે આંક–૨૨ થી ઈજા પામનારની ઈજા સંદર્ભે મેડીકલ ઓફીસર ડો.લક્ષ્મણ કાળુભાઈ તાવીયાને તપાસેલ છે અને તેઓની જુબાની ધ્યાને લઈએતો ઈજા પામનાર ભાવિનભાઈ ગાલ પર કોઈ ઈજા હોય કે, પીડા થતી હોય તેવી કોઈ હકીકતને ડોકટરશ્રીએ સમર્થન કરેલ નથી. વધુમાં ઈજાપામનાર ભાવિનભાઈને જમણા ભાગે પંજાના ભાગે દુખાવો હતુ તેવુ જણાવેલ છે. પરંતુ ડોકટરશ્રીની જુબાનીમાં આવી ઈજા કઈ રીતે થયેલ હોઈ શકે. તે અંગેનો કોઈ અભિપ્રાય આપવામાં આવેલ નથી. આ ઈજા સામી પાર્ટીએ કરેલ પરંતુ ઈજા પામનારનું કોઈ નામ ઈજાપામનાર હીસ્ટ્રીમાં આપેલ હોય તેવુ પણ જણાતુ નથી. આથી ઈજા પામનાર ભાવિનભાઈને શરીરના કયા ભાગે ઈજા થયેલ કે, પીડા થયેલ તે અંગે ફરીયાદમાં કે ફરીયાદીએ જણાવેલ નથી અને ઈજાપામનાર ભાવિનભાઈ જે ઈજાઓ જણાવેલ છે તે ફરીયાદમાં નથી. આથી આરોપીએ બનાવ સમયે ફરીયાદીને માર મારેલ હોય અને તેના કારણે ઈજા થયેલ હોય તેવી હકીકત સાબિત કરવામાં પણ ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. વધુમાં ઈજાપામનારને વર્ધીના સોલ્ડર તોડી નાંખેલ તેવુ જણાવેલ છે. પરંતુ વર્ધીના જમણી સાઈડના સોલ્ડર કે, ડાબી સાઈડના સોલ્ડર તે અંગે કોઈ હકીકત ફરીયાદમાં જણાવેલ નથી કે, ફરીયાદી કે, ઈજા પામનારે જણાવેલ નથી. તેથી આરોપીએ ફરીયાદીના વર્ધીના સોલ્ડર તોડી નાંખેલ તે હકીકત પણ નિશક પણે પુરાવાર થયાનું માની શકાય નહી.

(૨૦) આ કામે નજરે જોનાર સાહેદ તરીકે આંક–૧૭ થી સુનીલભાઈ સુરેશભાઈ અડવાણીને તપાસેલ છે પરંતુ તેઓએ બનાવની હકીકતને કોઈ સમર્થન આપેલ નથી. તેમજ આંક–૧૮ થી જગદીશ છોટાલાલ શર્માને તપાસેલ છે તેઓ બનાવવાળી જગ્યાના આંક–૧૯ ના પંચનામાના પંચ છે. તેઓએ પણ આંક–૧૯ ના પંચનામાની હકીકતને કોઈ સમર્થન આપેલ નથી આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ ફરીયાદીએ અને સાહેદ ભાવિનભાઈ બનાવ સમયે બનાવવાળી

જગ્યાએ ફરજ પર હાજર હતા. તે અંગે નો કોઈ દસ્તાવેજી પુરાવો ફરીયાદીપક્ષે રજુ કરેલ નથી. તેમજ ઈજાપામનારને ઈજા આરોપીએ કરેલ છે તેવુ પણ સંપૂર્ણ શંકાથી પદ ફરીયાદપક્ષ સાબિત કરી શકેલ નથી. તેથી ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુનો પુરાવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય મુદ્દા નં.૧ અંગે મારો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## —: હુકમ :—

૧... આ કામના આરોપીને ક્રિ. પ્રો. કોડ ની કલમ– ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૩૩૨ મુજબના શીક્ષાપાત્ર ગુન્હામાં આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવું છું.

૩... ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭–એ અન્વયે આજરોજ દરેક આરોપીએ રૂા.૫૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા કરી આપવાનો હુકમ કરવામા આવે છે. સદર જામીનખત આ હુકમની તારીખ થી છ માસ સુધી અમલમાં રહેશે તેવો હુકમ કરવામા આવે છે.

આ હુકમ આજ તા. ૩૦ માહે એપ્રિલ સને ૨૦૧૯ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૦/૦૪/૨૦૧૯
મુ.અમદાવાદ.

(મહંમદઈરફાન અબ્દુલરજાકભાઈ શેખ)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૧૫,
અમદાવાદ.CODE NO. GJ00892